# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2556 ❖ કાર્તિક પૂર્ણિમા ❖ 28 નવેમ્બર 2012 ❖ વર્ષ – 13 ❖ અંક – 08 ❖ સળંગ અંક - 152

## ધમ્મવાણી

**आरोग्यपरमा लाभा, संतुष्ठि परमं धनं।**
**विस्सासपरमा ञाति, निब्बाणं परमं सुखं।।**
**धम्मपद – १५।**

આરોગ્ય પરમ લાભ છે, સંતુષ્ઠિ પરમ ધન છે,
વિશ્વાસ પરમ બંધુ છે, નિર્વાણ પરમ સુખ છે.

## કૌમાર ભૃત્ય

ભારતના જનપદોમાં ગણિકાઓની પરંપરા તો પુરાણી રહી હશે, પરંતુ રાજ્ય દ્વારા કોઇને સર્વશ્રેષ્ઠ સુંદરી ઘોષિત કરીને જનપદકલ્યાણીના પદે બેસાડવી અને રાજ્ય તરફથી તેનું એક રાતનું મૂલ્ય નિર્ધારિત થતું. લાગે છે કે આ ૨૫૦૦ વર્ષ પૂર્વેના ભારતની પોતાની વિશેષતા હતી. અનેક જનપદોમાં જનકલ્યાણીનું પદ જનપદો માટે શોભનીય મનાતું, ગર્વનો વિષય ગણાતું.

રાજગૃહનો નિગમપતિ જ્યારે પહેલી વાર પડોશી દેશની વૈભવશાળી રાજધાની વૈશાલી આવ્યો તો તેને ત્યાંની બે વાતોએ બહુ આકર્ષિત કર્યો; એક તો ત્યાંના ૭,૭૭૦ રાજાઓના ૭,૭૭૦ રાજમહેલ, તેટલા જ કોષ્ઠાગાર, ઉદ્યાન તથા પુષ્કરણી (તલાવડી); આ બધાંએ વૈશાલીના ભૌતિક વૈભવને આસમાને ચઢાવી દીધો હતો. બીજી વાત, પરમ સુંદરી જનપદકલ્યાણી અમ્બપાલી, જેને કારણે વૈશાલી પોતાના વિલાસ વૈભવને માટે પ્રસિધ્ધ થઇ ગઇ હતી.

બિંબિસારે જ્યારે આ આખું વર્ણન સાંભળ્યું તો તેને પહેલા ક્ષેત્રમાં પ્રતિદ્વંદ્વિતા અસંભવ લાગી, કેમ કે રાજગૃહમાં એકતંત્રી શાસન હતું. તેથી એક જ રાજા હતો. તે પોતાના માટે અને પોતાના પરિવાર માટે અંતે કેટલાક મહેલો બનાવી શકે? જ્યારે વૈશાલી લોકતાંત્રિક હતી, ત્યાં ૭૭૭૦ રાજા હતા. રાજ્ય સંપદા ૭૭૭૦ રાજાઓમાં વહેંચાએલી હતી. એકેએકને એક એક નિવાસ સ્થાન હોય તો આટલા બધા મહેલ, એટલા જ કોષ્ઠાગાર, ઉદ્યાન, પુષ્કરણી હોવી સ્વાભાવિક હતી. આવું રાજગૃહમાં હોવું અસંભવ હતું. પરંતુ જનપદકલ્યાણી સ્થાપિત કરી શકાતી હતી. આ ક્ષેત્રમાં તે વૈશાલીની પ્રતિદ્વંદ્વિતા કરી શકતો હતો.

તેણે નિગમપતિને આદેશ આપ્યો કે મગધની સર્વશ્રેષ્ઠ સુંદરી કુમારીની ચુંટણી કરે અને નગર–ગણિકા બનાવીને તેનું મૂલ્ય વૈશાલી કરતાં બમણું નિર્ધારિત કરી દે. શાલવતી નામની એક કુમારી, જે અમ્બપાલી જેટલી જ અનિધ્ય સુંદરી હતી તેને પસંદ કરવામાં આવી. તેને નૃત્ય, વાદ્ય, ગાયનમાં પ્રવીણ કરીને નગરવધૂ ઘોષિત કરવામાં આવી. વૈશાલી રાજ્યે અમ્બપાલીની એક રાતની કિંમત પચાસ મુદ્રાઓ નિશ્ચિત કરેલી. મગધનરેશે શાલવતીની એક રાતની કિંમત એકસો મુદ્રાઓ નિશ્ચિત કરી.

ધીરે ધીરે નગરવધૂના રૂપમાં શાલવતીની પ્રસિધ્ધિ ફેલાવા લાગી. થોડા સમય બાદ શાલવતીને ગર્ભ રહી ગયો. તે ચિંતિત થઈ. પુરૂષો ગર્ભિણી સાથે સહવાસ કરવા નથી ઈચ્છતા. તેથી તેણે પોતાની દ્વારપાલિકાને સમજાવ્યું કે તેના દ્વાર પર કોઈ આવે તો કહી દે કે શાલવતી બિમાર છે. આ બિમારીનું બહાનું કરીને તેણે ગર્ભાવસ્થાનો સમય વિતાવ્યો. સમય વીતતાં તેણે એક પુત્રને જન્મ આપ્યો. હવે તેને ચિંતા થઇ કે સંતાનવાળી નારીને પણ પુરૂષો ઓછી ચાહે છે તેથી તેણે હૃદય કઠોર કરીને પોતાના પુત્રનો પરિત્યાગ કરવાનો નિર્ણય કર્યો. તેણે ધાયને આદેશ આપ્યો કે નવજાત શિશુને કચરાની ટોપલીમાં મૂકીને બહાર ગલીના નાકે કચરાના ઢગલાની પાસે રાખી આવ. તેણે તેમ કર્યું

પ્રાત : કાળે અભય રાજકુમાર મહારાજ બિંબિસારની સેવામાં જવા માટે ત્યાંથી નીકળ્યો, તેણે જોયું કે કચરાના ઢગલા પર ઘણા કાગડા ઘુમરાતા હતા અને કોઈ શિશુનો રડવાનો અવાજ આવતો હતો. તેણે પોતાના સેવકને તપાસ કરવા મોકલ્યો તો પરિત્યક્ત બાળક પ્રકાશમાં આવ્યું. કાગડાઓના આક્રમણ છતાં તે જીવિત રહ્યું અને યથોચિત પાલન–પોષણ માટે તેને પોતાના મહેલમાં મોકલી દીધો. તેણે જીવકને ખૂબ પ્રેમથી ઉછેર્યો તેથી કુમારોનો પૌષ્ય પુત્ર હોવાને કારણે તેનું બીજું એક નામ પડ્યું કૌમાર ભૃત્ય

મોટા થતાં જીવકે જાણવા માગ્યું કે તેના માતા–પિતા કોણ છે? અભયે કહ્યું કે ‘‘હું તારો પિતા છું. પરંતુ, માતા કોણ છે તે હું નથી જાણતો’’ એક માન્યતા એ પણ છે કે તે શાલવતીની કૂખે ઉત્પન્ન થયેલો અભયનો જ પુત્ર હતો. અભય જીવકને ગણિકાનો પુત્ર ઘોષિત કરવા નહોતો માંગતો તેથી તેણે માનું નામ છુપાવ્યું અથવા એમ પણ હોઈ શકે કે અભયને તેની માતા કોણ છે તેનું ખરેખર જ્ઞાન ન હોય. જે હોય તે, એ અભય રાજકુમારનો વાસ્તવિક પુત્ર ન પણ હોય, છતાં તેનો પૌષ્ય પુત્ર તો હતો જ. તેથી મહારાજ બિંબિસારનો પણ પૌષ્ય પૌત્ર થયો.

જીવક મોટો થયો તો જોયું કે રાજાના સંપર્કમાં જે લોકો છે, તે કોઈ ને કોઈ વિદ્યામાં નિપુણ છે. ગુણહીન વ્યક્તિની ત્યાં કોઈ કદર ન હતી. તેથી તેણે કોઈ શિલ્પ (કોઈ વિદ્યા) શીખવા નિર્ણય કર્યો એ વખતે તક્ષશિલા વિશ્વવિદ્યાલય બહુ પ્રસિધ્ધ હતું. ત્યાં અનેક પ્રકારનાં શિલ્પ શીખવાતાં હતાં, તેથી તે અભય રાજકુમારને કહ્યા વિના તક્ષશિલા તરફ ચાલી નીકળ્યો. ત્યાં પહોંચીને તે આયુર્વેદ વિષયના પ્રખ્યાત આચાર્યને મળ્યો. આચાર્યએ જોયું કે યુવક મેધાવી છે તેને ચિકિત્સાશાસ્ત્ર શીખવાની અનુમતિ મળી ગઇ.

જીવક મેધાવી પણ હતો અને પરિશ્રમી પણ. સાત વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક ચિકિત્સાશાસ્ત્રની વિદ્યા ભણતો રહ્યો અને સાથોસાથ તેનું વ્યાવહારિક જ્ઞાન પણ પ્રાપ્ત કરતો રહ્યો. સાત વર્ષ પશ્ચાત્ તે અધીરો થઇ ગયો તેણે આચાર્યને કહ્યું કે આ વિદ્યાનો તો કોઇ અંત જ નથી દેખાતો. આચાર્યે તેની યોગ્યતા ચકાસવા માટે કહ્યું કે તે પાવડો લઇને આસપાસની એક યોજન ભૂમિની તપાસ કરી આવે જ્યાં કોઇ અભૈષજ એટલે કે ઔષધીય ગુણ વિનાનો છોડ મળે તો તેને ઉખેડી લાવે. જીવક ચાલી નીકળ્યો, તેણે દર્શાવેલી સીમાની ધરતી તપાસી જોઇ. તે ખાલી હાથે પાછો ફર્યો અને બોલ્યો કે તેને ઔષધીય ગુણ વિનાનો એક પણ છોડ મળ્યો નહીં. બધા છોડમાં કોઇને કોઇ ઔષધીય ગુણ તો વિદ્યમાન છે જ. આચાર્ય તેના ઉત્તરથી બહુ પ્રસન્ન થયા. આ જીવકની પરીક્ષા હતી. તે આ પરીક્ષામાં સફળ થયો. શિષ્યની પરિપક્વ યોગ્યતા જોઇને આચાર્ય સંતુષ્ટ થયા. તેમણે કહ્યું ‘‘હવે તારું ભણતર પૂરું થયું. ઘેર જઇ શકાય. તેં જે શીખ્યું છે, તેનાથી પોતાની આજીવિકા આરામથી ચલાવી શકીશ.’’

ગુરુજી જાણતા હતા કે જીવકની પાસે ગુરૂદક્ષિણા આપવા માટે કશું નથી. તેથી તેણે પ્રસન્ન થઇને પોતાના યોગ્ય શિષ્ય પાસેથી કોઇ દક્ષિણા ન માગતાં ઉલટું તેને પંથ માટે થોડુંક પાથેય દીધું અને વિદાય કર્યો.

જીવક તક્ષશિલાથી મગધ તરફ ચાલી નીકળ્યો પરંતુ પાથેય બહુ અલ્પ હતું. સાકેત પહોંચતાં સુધીમાં સમાપ્ત થઇ ગયું. હજુ રસ્તો બહુ લાંબો હતો. તેથી તેણે નિર્ણય કર્યો કે ત્યાં થોડાક દિવસ રોકાઇને કોઇ રોગીની ચિકિત્સા કરું, અને યાત્રા ખર્ચ માટે થોડુંક ધન કમાઇ લઉ. નગરમાં રોગીની શોધમાં નીકળ્યો તો જાણવા મળ્યું કે સાકેતના નગરશેઠની પત્ની શિરદર્દના રોગથી પીડિત છે. અનેક વૈદોએ તેની ચિકિત્સા કરી, પણ કોઇ સફળ ન થયું. જીવક નગરશેઠના દ્વારે ગયો. તેણે દ્વારપાળને પોતાનો પરિચય દીધો અને શેઠાણીની ચિકિત્સા કરવાની ઉત્સુકતા બતાવી. દ્વારપાળે ભીતર જઇ આની જાણ કરી. પરંતુ, દ્વારપાળને પૂછતાં જયારે શેઠાણીએ જાણ્યું કે આગંતુક વૈદ યુવાન છે તો તે અન્યમનસ્ક થઇ ગઇ. તેણે કહ્યું, ''સાત વર્ષ પુરાણો રોગ છે. અનેક અનુભવી અને વયોવૃધ્ધ વૈદ્ય બહુ ધન મહેનતાણા રૂપે લઇને ચાલ્યા ગયા. પણ ઇલાજ કરવામાં કોઇ સફળ ન થયા. આ યુવાન અનુભવહીન વ્યક્તિ શું ચિકિત્સા કરે?! વ્યર્થ ધન શાને બરબાદ કરું હું?''

દ્વારપાળે જયારે આ વાત જીવકને કહી તો જીવકે કહ્યું '' મને કોઇ અગ્રિમ પારિશ્રમિક ન આપવું, જયારે ઠીક થઇ જાય તો જ પારિશ્રમિક આપવું અને તે પણ જેટલું આપવું હોય તેટલું.

આ સાંભળી શેઠાણીએ જીવકને ભીતર બોલાવી લીધો. જીવકે રોગ તપાસ્યો અને ચિકિત્સા માટે પાશેર ઘી માગ્યું. ઘીમાં કેટલીક ઔષધિઓ ભેળવીને પકવ્યું અને શેઠાણીને ચત્તા સુવાડીને શેઠાણીના નસ્કોરામાં નાખી દીધું. નાકમાં નાખેલું ઘી મોઢેથી બહાર નીકળી આવ્યુ. શેઠાણીએ તે થૂંકદાનીમાં થૂંક્યું અને દાસીને હુકમ કર્યો કે તે કોઇ વાસણમાં રાખી લે. કામ આવશે.

જીવક આ જોઇને બહુ ઉદાસ થયો. જે શેઠાણી આ ગંદુ ઘી ફેકાવતી નથી બલ્કે વાસણમાં રખાવે છે તે કેટલી કંજૂસ છે ! ઠીક થતાં મને શું મહેનતાણું આપશે ? આ ઘીમાં મારી કીંમતી ઔષધીઓ પડી છે એટલું પારિશ્રમિક મળવું યે કપરું જણાય છે. શેઠાણીએ જીવકના મનનો ભાવ તાગી લીધો. તેણે જીવકને સમજાવ્યું કે તે એક શ્રેષ્ઠિ–ભાર્યા છે, કુશળ ગૃહિણી છે. કરકસર અને સંયમ તેનામાં ઠાસીને ભરેલા હોય તે સ્વાભાવિક છે. કોઇ પણ કીમતી વસ્તુ ફેંકી ન દેવી જોઇએ. આ મેલું ઘી ખાવામાં કામમાં નહિ આવે પણ દાસ દાસીઓના પગના માલિશમાં કામ આવી શકે, દીવો પેટાવવામાં કામ આવી શકે. તેથી વાસણમાં રખાવ્યું છે. તું ચિંતા ન કર. જો હુ નીરોગી થઇ જઇશ તો તારા પારિશ્રમિકમાં ખામી નહિ આવે. અને તે નિરોગી થઇ ગઇ. સાત વર્ષનો પુરાણો રોગ જીવકના એક વારના ઉપચારથી જ દૂર થઇ ગયો. શેઠાણી ખૂબ પ્રસન્ન થઇ. તેણે જીવકને ચાર હજાર મુદ્રા આપી. માને રોગમુક્ત જોઇને પુત્ર બહુ પ્રસન્ન થયો. તેણે પોતાના તરફથી જીવકને ચાર હજાર મુદ્રા આપી. સાસુને સ્વસ્થ થયેલી જોઇને વહુ પ્રસન્ન થઇ. તેણે પોતાના તરફથી જીવકને ચાર હજાર મુદ્રા ભેટ આપી. પત્નીને સ્વસ્થ–પ્રસન્ન જોઇને શ્રેષ્ઠીને આહ્લાદ થયો. તેણે જીવકને ચાર હજાર મુદ્રાઓ જ નહીં, એક દાસ, એક દાસી પણ આપી અને યાત્રાને માટે અશ્વ જોડેલો એક રથ પણ પ્રદાન કર્યો.

આટલું બધું ધન લઇને જીવક રાજગૃહ આવ્યો પોતાના ભણતરની પહેલી કમાણી પિતા અભયકુમારને સમર્પિત કરીને તેને નમસ્કાર કર્યા. અભય રાજકુમાર તેને પાછો આવેલો જોઇને અત્યંત પ્રસન્ન થયો અને તેની પ્રથમ કમાણી તેને પાછી આપતાં બોલ્યોં, ''મારા મહેલની પડખે જ ઘર બનાવીને રહે'' જીવક ત્યાંજ ઘર બનાવીને રહેવા લાગ્યોં. એ કમાણીનો થોડોક હિસ્સો તક્ષશિલામાં પોતાના આચાર્યને મોકલી આપ્યો.

એ દિવસોમાં મહારાજ બિંબિસારને ભગંદરનો રોગ હતો. ધોતિયા લોહીથી ભીંજાઇ જતાં હતાં. અંતઃપુરની રાણીઓ ઉપહાસ કરતી. અત્યારે મહારાજને ઋતુકાળ છે! મહારાજ રજઃસ્વલ થયા છે ! હવે મહારાજને ગર્ભ ઉત્પન્ન થયો છે ! જલ્દી જ મહારાજ પ્રસવ કરવાના છે! ઇત્યાદિ.

મહારાજ બિંબિસાર લજ્જિત થતા. પણ શું કરે? લાચાર હતા. તેણે અભય રાજકુમારને કોઇ સારો વૈદ શોધી લાવવા કહ્યું. અભય રાજકુમારે તરુણ જીવક પાસે ચિકિત્સા કરાવવા સલાહ આપી. મહારાજે સ્વીકૃતિ આપી. જીવકે ચિકિત્સા કરી. એક જ લેપ દ્વારા ભગંદરનો પુરાણો રોગ ઠીક થઇ ગયો.

મહારાજે પ્રસન્ન થઇને પાંચસો નારીઓને નખશિખ અલંકૃત કરી એ બધાં આભૂષણ અલંકાર ઉતારાવીને જીવકને પુરસ્કાર રૂપે આપી દીધા.

જીવકે કહ્યું – આપ મારા ઉપકારને સ્મરણમાં રાખો એ જ મારા માટે પર્યાપ્ત છે.

ત્યારે મહારાજ બિંબિસારે જીવકને કહ્યું – આજથી તું મારી, મારા રાણીવાસની તથા ભગવાન બુધ્ધ અને તેમના ભિક્ષુસંઘની સેવા–ચિકિત્સા કર.

આમ બિંબિસારનો પૌષ્યપૌત્ર જીવક ભગવાનના સંપર્કમાં આવ્યો. એ વખતનો એ પ્રસિધ્ધ મહાભિષક્ (મહાવૈદ્ય) ભગવાન બુધ્ધના સંપર્કમાં આવ્યો. ભગવાનના સંપર્કમાં આવ્યો તો શુદ્ધધર્મના સંપર્કમાં આવ્યો. તેનો ભાગ્યોદય થયો. તેનું મંગલ થયું.

કલ્યાણ મિત્ર
સત્યનારાયણ ગોયન્કા

## જીવકની પ્રસિદ્ધિ

બિંબિસારના ભગંદર રોગનો ઠીક ઉપચાર કરી દેવાને કારણે જીવકની બહુ પ્રસિદ્ધિ થઇ, વિશેષ કરીને રાણીવાસમાં અને રાજદરબારના રાજુપરુષોમાં.

**રાજગૃહનો નગરશ્રેષ્ઠિ**

એ દિવસોની પરંપરા અનુસાર નગરશ્રેષ્ઠિ એક મહત્ત્વપૂર્ણ રાજપુરુષ ગણાતો. રાજગૃહના નગરશ્રેષ્ઠિને એવુ શિરદર્દ થયું જેની ચિકિત્સા નામી વૈદો પણ નહોતા કરી શક્યા. સ્થિતિ એટલી બદતર થઇ ગયેલી કે તેનું જીવન ખતરામાં પડી ગયું હતું. કોઇ વૈદે તેના સાતમા દિવસે મરી જવાની ભવિષ્યવાણી કરી તો કોઇએ પાંચમા દિવસે. નગરના નિગમપતિએ બિંબિસારને પ્રાર્થના કરી કે તે જીવકને શ્રેષ્ઠિના ઇલાજનો આદેશ આપે. નગરશ્રેષ્ઠિ રાજા તથા નિગમને બહુ ઉપયોગી હતો. રાજાએ જીવકને ઇલાજ માટે મોકલ્યો. શ્રેષ્ઠિ મૃત્યુનો ગ્રાસ બનવાનો હતો. તેની બચવાની કોઇ સંભાવના ન હતી. તેથી તેણે જીવકને કહ્યું કે ''જો તું મારા પ્રાણ બચાવી દઇશ તો મારી બધી સંપત્તિ તને આપીને આજીવન તારો દાસ બની જઇશ''

જીવકે તેના શિરની શલ્યચિકિત્સા કરી. પરંતુ તે પહેલાં તેણે વચન લઇ લીધું કે તે છ મહિના સુધી એક પડખે, છ મહિના સુધી બીજે પડખે તથા છ મહિના સુધી ચત્તો સૂઇ રહેશે. જીવકે તેની ખોપરી ચીરીને તેમાંથી રોગના જંતુ બહાર કાઢ્યા અને ખોપરી બંધ કરીને ચામડીની સિલાઇ કરીને તેની ઉપર લેપ લગાડયો. તેને એક પડખે સુવાડી દીધો. એક સપ્તાહમાં જ શ્રેષ્ઠિ પડખું બદલવા માટે વ્યાકુળ થઇ ઊઠયો. જીવકે તેને છ મહિના લગી એક પડખે સૂઇ રહેવાનુ વચન યાદ દેવડાવ્યું, પરંતુ શ્રેષ્ઠિ માટે અસંભવ હતું. જીવકે તેને બીજે પડખે સૂવડાવ્યો. બીજે પડખે પણ છ મહિના ન સૂઇ શક્યો તેથી સાતમે દિવસે ચત્તો સૂવાડયો. આ અવસ્થામાં પણ તે સાત દિવસ જ સૂઇ શક્યો. તે સાજો નરવો હતો, નિરોગી થઇ ગયો હતો. જીવકે કહ્યું, ''જો હું છ મહિનાનો વાયદો ન કરાવત તો તું સાત દિવસ પણ એક અવસ્થામાં ન સૂઇ શકત.''

શ્રેષ્ઠિએ સ્વસ્થ થઇને પોતાનું સર્વસ્વ અર્પિત કરવાનું વચન નિભાવવા ઇચ્છા કરી. જીવકે તેની પાસેથી કેવળ બે લાખ મુદ્રાઓ લીધી, એક લાખ પોતાના માટે અને એક લાખ મહારાજ બિંબિસાર માટે.

**કાશીનો શ્રેષ્ઠિપુત્ર**

હવે જીવકની પ્રસિદ્ધિ એથીયે વધુ ફેલાવા લાગી. કાશીના નગરશેઠના પુત્રને પેટનો રોગ થઇ ગયો હતો. તે કાંઇ ખાઇ શકતો ન હતો. ભાતનું પાણી પીતો અને ભાત ખાતો, તે પણ તેને બરાબર પચતો નહીં.

મળમૂત્ર પણ બરાબર થતાં નહોતાં. આ રોગનો માર્યો તે અત્યંત દુર્બળ અને દુર્વર્ણ થઇ ગયો હતો. માત્ર હડપિંજર રહ્યું હતું. તેના બચવાની કોઇ આશા ન જોતાં તેના પિતાએ મહારાજ બિંબિસાર પાસેથી જીવકની સેવા માગી. બિંબિસારે જીવકને ચિકિત્સા માટે કાશી મોકલ્યો. જીવકે શ્રેષ્ઠિપુત્રના રોગનું નિદાન કર્યું અને ઉદરની શલ્યચિકિત્સા કરી. પેટ ચીરીને આંતરડાં બહાર કાઢ્યાં, તેમાં પડેલી ગાંઠને કાપીને દૂર કરી. આંતરડાં ઉકેલીને, સીવીને તેને પુનઃ પેટમાં નાખીને પેટની ચામડીને સીવીને લેપ લગાવી દીધો. શ્રેષ્ઠિપુત્ર અચિર કાળમાં પૂર્ણ સ્વસ્થ થઇ ગયો. પિતાએ પુત્રને સાજો–સારો જોઇને સંતુષ્ટિ, પ્રશંસાથી ભરાઇને રાજવૈદ જીવકને સોળ હજાર મુદ્રાઓ પારિશ્રમિક (મહેનતાણા) પેટે આપી.

**રાજા પ્રદ્યોત**

હવે જીવકની યશકીર્તિ દિગ્દિગંતમાં ફેલાવા લાગી. દૂર દૂરના ધનિક લોકો, રાજા–મહારાજાઓ તરફથી ઉપચારાર્થે તેની માંગ આવવા લાગી. એ દિવસોમાં અવન્તિનરેશ પ્રદ્યોતને પાંડુરોગ થઇ ગયો હતો. અનેક નામી અનુભવી વૈદો ચિકિત્સા કરવામાં અસફળ રહ્યા. આખરે પ્રદ્યોતે મહારાજા બિંબિસારને સંદેશો મોકલ્યો કે તેના ઇલાજને માટે રાજવૈદ્ય જીવકને ઉજ્જૈન મોકલે. મહારાજ બિંબિસારને ઉજ્જૈનનરેશ સાથે સારો મૈત્રી–સંબંધ હતો. તેથી તેણે જીવકને ઉજ્જૈન જઇને રાજાની ચિકિત્સા કરવાનો આદેશ આપ્યો. જીવક ઉજ્જૈન પહોંચ્યો. ત્યાં તેણે રાજા પ્રદ્યોતના શરીરની પરીક્ષા કરી અને રોગનું મૂળ કારણ જાણી લીધું. જ્યારે તે ચિકિત્સા કરવા તૈયાર થયો તો પ્રદ્યોતે કહ્યું, તું મને ગમે તે ઔષધિ આપજે, પણ ભૂલથી યે ઘી ન પીવડાવીશ. મને ઘી સામે તફરત છે.

જીવકે વિચાર્યું કે તે ઘીમાંથી બનેલી ઔષધિયુક્ત રસાયણથી જ નિરોગી થઇ શકે છે બીજો કોઇ ઉપાય નથી. તેથી તેણે ઔષધિ તૈયાર કરી. તેને ઘીમાં ભેળવીને અન્ય રસાયણો દ્વારા ઘીના રંગ, રૂપ, ગંધ, અને સ્વાદ આદિ બધું બદલી નાખ્યું. રાજા એ ઔષધિનું સેવન કરતા જરા પણ જાણવા નહિ પામે કે આ ઘી છે અને તે પણ પી જશે. પરંતુ થોડા વખત બાદ તેને ઉલ્ટી થશે, ત્યારે તે જાણી જશે કે તેને ઘી પીવડાવવામાં આવ્યું છે.

જીવક જાણતો હતો કે પ્રદ્યોત બહુ ક્રોધી વ્યકિત છે. તેથી ચંડ પ્રદ્યોત કહેવાતો. તેથી તેણે બચવાનો રસ્તો પહેલાથી જ ખોડી કાઢ્યો. તેણે ઘીમાંથી બનેલી દવા આપતાં પહેલાં રાજાને કહ્યું કે વૈદ હોવાના નાતે અનુકૂળ નક્ષત્ર જોઇને તેણે નગર બહાર વનપ્રદેશમાં જડીબુટ્ટીઓ શોધવા જવાનું હોય છે. અનુકૂળ નક્ષત્ર રાતે દિવસે કોઇ પણ સમયે હોઇ શકે છે. તેથી તેને એ વાતની છૂટ મળવી જોઇએ કે રાજ્યના તબેલામાંથી અને હસ્તીશાળામાંથી જેને પસંદ કરે, તે ઘોડા અથવા હાથીને લઇને કોઇ રોકટોક વિના નગરની બહાર જઇ શકે અને આવી શકે. રાજા પ્રદ્યોતે આ વાતની તેને પૂરી છૂટ આપી અને સંબંધિત રાજ્ય–કર્મચારીઓને આ છૂટની જાણકારી પણ આપી.

જીવકે ઔષધિમિશ્રિત ઘી રાજાને પીવડાવ્યું અને તત્કાળ હસ્તીશાળામાંથી ભદ્રાવતી નામની હાથણી લઇને નગરની બહાર નીકળી ગયો. આ હાથણી તીવ્ર ગતિએ ચાલનારી હતી અને દિવસભરમાં પચાસ યોજનની યાત્રા પૂરી કરી શકવાની ક્ષમતા ધરાવતી હતી.

રાજા પ્રદ્યોતને ઔષધિ લેતાં જરા પણ ભાન ન થયું કે તે ઘીમાં પકાવેલી છે. પરંતુ થોડા વખત બાદ તેને ઉલ્ટી થઇ ત્યારે તેને ખબર પડી કે વૈદે તેની સાથે દગો કર્યો છે. તેનો ક્રોધ ભભૂકી ઉઠયો. તેણે જીવકને પકડી લાવવાનો હુકમ કર્યો. ત્યારે તેને ખબર પડી કે શીઘ્રગામિની ભદ્રાવતી હાથણી પર સવાર થઇને તે નગરની બહાર નીકળી ચૂકયો છે. રાજાનો એક સેવક હતો. નામ હતું કાક. કેવળ તે જ એક એવો માણસ હતો જે શીઘ્રગામી હતો અને રોકાયા વિના સાઠ યોજનની યાત્રા પૂરી કરી શકતો હતો. તેને ભદ્રાવતીનો પીછો કરવા મોકલ્યો અને આદેશ આપ્યો કે કોઇ પણ પ્રકારે તે જીવકને પાછો લાવે. તેને એ ચેતવણી પણ આપી કે જીવકના હાથનું ભોજન ગ્રહણ ન કરે . આ વૈદ્ય બહુ માયાવી હોય છે. રખે ને કંઇક ખવડાવી દે અને પોતાનો સ્વાર્થ સાધી લે!

કાક ભદ્રાવતીનો પીછો કરતો કરતો ચાલવા લાગ્યો. પરંતુ જ્યારે તેની સમીપ પહોંચ્યો ત્યાં સુધીમાં તો હાથણી અવન્તિની સીમાની બહાર નીકળી ચૂકી હતી. જીવક સાથે કાકનો ભેટો પડોશી રાજ્ય કોશાંબીમાં થયો જ્યાં થોડી વાર વિશ્રામ કરીને રાંધી રહ્યો હતો. કાકે જીવકને પાછા ફરવા કહ્યું પરંતુ જીવકે કહ્યું કે પહેલાં થોડો આહાર લઇ લઉં. તેણે કાકને પણ ભોજનનું આમંત્રણ આપ્યું. પરંતુ કાકને રાજાજ્ઞા યાદ હતી. તેણે ભોજનનો અસ્વીકાર કર્યો. જીવકે ભોજન પછી ખાવા માટે એક આમળું કાઢ્યું અને કાકને કહ્યું, ઓછામાં ઓછું અર્ધું આમળું તો ખાઇ જો. કાકે વિચાર્યું કે જ્યારે જીવક સ્વયં ખાઇ રહ્યો છે અને એ જ આમળાનો અર્ધો ભાગ તેને ખાવા આપી રહ્યો છે, તો ખાવામાં શો દોષ? એમાં તો કોઇ દગો ન હોઇ શકે. કાકે સ્વીકાર કર્યો. જીવકે કાકને અર્ધું આમળું આપતાં પહેલાં બહુ કુશળતાપૂર્વક પોતાના નખમાં રહેલી ઔષધિ તેમાં ખોસી દીધી હતી. આમળું ખાતાં જ કાક અત્યંત અસ્વસ્થ થઇ ગયો. તેણે જીવકને કહ્યું, ‘‘આચાર્ય, હજુ હું વધુ જીવવા માગું છું.’’

જીવકે ઉત્તર દીધો કે, ‘‘તું ચિંતા ન કર. તું પણ શીઘ્ર સ્વસ્થ થઇ જઇશ અને તારા રાજા પણ. તે ચંડ સ્વભાવનો છે. તેને ઘીવાળી ઔષધિ ખવડાવતાં તે કુપિત થશે અને કુપિત થઇને મને મરાવી પણ નાખે, તેથી હું નીકળી આવ્યો’’

આમ કહીને જીવક ભદ્રાવતી હાથણી કાકને હવાલે કરીને રાજગૃહની યાત્રાએ ચાલી નીકળ્યો. ઘરે પહોંચીને આખો વૃત્તાંત રાજા બિંબિસારને કહી સંભળાવ્યો. બિંબિસારે જીવકની બુદ્ધિમત્તાની પ્રશંસા કરી.

આ દરમ્યાન રાજા પ્રદ્યોતે જીવકની દવા એક જ વાર લેવાથી પોતાના પાંડુરોગથી પૂર્ણ રીતે મુક્ત થઇ ગયો, તેથી પ્રસન્ન થઇને જીવકને ઇનામ આપવા માટે આમંત્રિત કર્યો, પણ જીવક ગયો નહીં. તેણે કહેણ મોકલ્યું કે રાજા કેવળ મારા ઉપકારને યાદ રાખે એટલું જ પર્યાપ્ત છે.

આખરે રાજા પ્રદ્યોતે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં જીવકને એક અમૂલ્ય શાલ મોકલી. જીવકે કહ્યું આવી શાલ તો બિંબિસાર અથવા સ્વયં ભગવાન બુધ્ધને વાપરવા યોગ્ય છે. તે એ શાલને ભગવાન બુધ્ધને અર્પિત કરવા માગતો હતો. ભગવાન એ દિવસોમાં પોતાના ભિક્ષુસંઘ સહિત જૂના પાંસુકૂલ ચીવર પહેરતા હતા. જીવક જાણતો હતો કે તેઓ નવી શાલ નહિ લે, તેથી તે યોગ્ય અવસરની પ્રતીક્ષા કરવા લાગ્યો.

આ દરમ્યાન ભગવાનને કબજિયાતની તકલીફ થઇ. છ વર્ષની દુષ્કર તપશ્ચર્યાને કારણે તેમને કદિક ઉદર રોગ થઇ જતો. ભગવાને આનંદ મારફત જીવકને ખબર મોકલી. જીવકે આવીને ભગવાનનો રોગ સમજયો. ભગવાને વિરેચન માટે કોઇ જુલાબ માગ્યો. જીવકે વિચાર્યું કે ભગવાનને સામાન્ય જુલાબ ન આપવો જોઇએ. તેણે ત્રણ કમળનાલને ઉપયુક્ત ઔષધિઓથી ભાવિત કરી (ઔષધિઓમાં ઝબોળી રાખી) આનંદને કહ્યું કે ભગવાનના શરીરને સ્નિગ્ધ કર. આનંદે એમ કર્યું. વૈદરાજ જીવકે કમળનાલથી બનેલી ઔષધિ ભગવાનને આપી અને પ્રાર્થના કરી કે તેઓ તે ત્રણ વાર સુંઘે. દવા સૂંઘવાથી ભગવાનને ત્રીસ વાર જુલાબ થશે અને તેઓ આ કબજિયાતના રોગથી વિમુક્ત થઇ જશે. ભગવાને ઔષધિ સૂંઘી. તેમને ઓગણત્રીસ વાર જુલાબ થયો. જીવકે ચિંતન કર્યું અને કહ્યું કે હવે આપ ગરમ પાણીથી સ્નાન કરી લો. સ્નાન બાદ આપને ત્રીસમો જુલાબ થશે અને આપ પૂર્ણ રીતે સ્વસ્થ થઇ જશો. અને એમ જ થયું. ભગવાનને જુલાબ થઇ જતાં જીવકે તેમને થોડાક દિવસ સુધી કેવળ રસાહાર પર રાખ્યા.

જયારે ભગવાન પૂર્ણ રીતે સ્વસ્થ થઇ ગયા તો એક દિવસ જીવક રાજા પ્રદ્યોતે આપેલી શાલ સાથે લઇને ભગવાન પાસે ગયો અને નમન કરીને બોલ્યો, ‘‘ભંતે ભગવાન, હું એક વરદાન માગું છું’’

– ભગવાન વરદાનથી પર થઇ ગયા છે. ભગવાને ઉત્તર આપ્યો.

– ભગવાન, આ વરદાન ઉપયુક્ત છે, નિર્દોષ છે. જીવકે કહ્યું.

– તો કહો, જીવક ભગવાને કહ્યું.

– ત્યારે જીવકે કહ્યું કે ભગવાન આ શાલ મને રાજા પ્રદ્યોતે મોકલી છે. આપ તેનો સ્વીકાર કરો અને આજથી ભિક્ષુસંઘને પણ છૂટ આપો કે જો તે ઇચ્છે તો ફાટયા–તૂટયા પાસુંકૂલ ચીવર પહેરે અથવા કોઇ સદ્ગૃહસ્થ દ્વારા દાન આપેલ નવા સિવેલા ચીવર પણ ગ્રહણ કરે. ભગવાન, આથી સદ્ગૃહસ્થોને વિપુલ પુણ્યલાભ થશે, અને મને પણ.

ભગવાને હસીને અનુમતિ આપી. જીવક ભગવાનને શાલનું દાન આપીને ધન્ય થયો. અન્ય ગૃહસ્થો નવા સિવેલા ચીવર દાનમાં દઇને ધન્ય થયા. બધાંનું મંગલ થયું.

**મંગલ મિત્ર**

**સત્યનારાયણ ગોયન્કા**

## આણંદ ખાતે નવું સામૂહિક સાધના ભવન

**સ્થળ :**

**૧.**

**શ્રીમતી પુષ્પાબેન નગીનભાઈ પટેલ**
બંગલા નં.૧, ન્યુ ગ્રીન પાર્ક સોસાયટી, ધરણી વાટીકા પાસે, માંગલિક પાર્ટી પ્લોટ પાસે, ડો. એચ. એમ. પટેલ સ્ટેચ્યુ રોડ, આણંદ-વિદ્યાનગર રોડ, આણંદ.
**ફોન :** (૦૨૬૯૨) ૨૪૭૭૭૨
**સમય :** દર શનિવારે સાંજે ૫ થી ૬

**૨.**

૫૯, કૃષ્ણ હાઉસિંગ સોસાયટી, સ્ટેશન રોડ, આણંદ.
**ફોન :** (૦૨૬૯૨) ૨૪૧૦૨૮
**સમય :** દર રવિવારે સવારે ૯ થી ૧૦

## પૂ. ગુરુજી તથા પૂ. માતાજીની મ્યંમા (બર્મા) યાત્રા

આગામી ૨૦ ડિસેમ્બર આસપાસ પૂ. ગુરુજી તથા પૂ. માતાજી પોતાની જન્મભૂમિ અને ધર્મભૂમિ મ્યંમા જઈ રહ્યાં છે. જ્યાં તેમની મુલાકાત ત્યાંના ધર્મપુત્રો, ધર્મપુત્રીઓ અનેક પૂર્વ પરિચિતો તથા મિત્રો સાથે થશે. શ્વેડેગોન પગોડામાં સામૂહિક સાધના કરશે. પૂજ્ય ગુરુજીના કેટલાક ધર્મ પ્રવચન પણ થશે.

### સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર "ધમ્મકોટ"

C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧.
(0281) 2220861-866
2782550,
94272 21591
94262 02222
રજિસ્ટ્રેશન ૧૦:૦૦ થી ૦૧:૦૦ અને ૦૪:૦૦ થી ૭:૦૦
dhammakot@gmail.com

### કચ્છ વિપશ્યના કેન્દ્ર "ધમ્મસિંધુ"

બાડા.
C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી.
કચ્છ-૩૭૦ ૪૬૫
(02834) 273303, 273612,

### ગુર્જર વિપશ્યના કેન્દ્ર "ધમ્મપીઠ"

અમદાવાદ
રનોડા
તા. ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૦ ૮૧૦
(02714) 294690,
(M) 94264 19397

### ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર-"ધમ્મ દિવાકર"

મીઠા મહેસાણા.
C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨.
(02762) 272800, 254634, 252345
(M) 94292 33000

### "ધમ્મ અંબિકા"

૯૫૩૭૨ ૬૬૯૦૦૯
૯૮૨૫૦ ૪૪૫૩૬
૦૨૬૩૪-૨૯૧૧૦૦
૦૨૬૩૪-૨૯૨૫૨૧

### મોગર કેન્દ્ર "ધમ્મ ભવન"

૫-કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા-૩૯૦૦૨૦.
(0265) 2341181
(M) 94263 32180
E-mail : vvs04@ hotmail.com

## ૨૦૧૧/૧૨ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર | ધમ્મ અંબિકા | ધમ્મ ભવન |
|---|---|---|---|---|---|
| 05-12-12 to 16-12-12 | 03-02-13 to 14-02-13 | 02-01-13 to 13-01-13 | 02-01-13 to 13-01-13 | 12-12-12 to 23-12-12 | 12-12-12 to 23-12-12 |
| 19-12-12 to 30-12-12 | 17-02-13 to 28-02-13 | 16-01-13 to 27-01-13 | 16-01-13 to 27-01-13 | 02-01-13 to 13-01-13 | |
| 02-01-13 to 13-01-13 | 06-04-13 to 17-04-13 | 30-01-13 to 10-02-13 | 30-01-13 to 10-02-13 | 16-01-13 to 27-01-13 | |
| 16-01-13 to 27-01-13 | 21-04-13 to 02-05-13 | 13-02-13 to 24-02-13 | 13-02-13 to 24-02-13 | | |
| 30-01-13 to 10-02-13 | 05-05-13 to 16-05-13 | 27-02-13 to 10-03-13 | 27-02-13 to 10-03-13 | | |
| 13-02-13 to 24-02-13 | 19-05-13 to 30-05-13 | 24-03-13 to 07-04-13 | 13-03-13 to 24-03-13 | | |
| 27-02-13 to 10-03-13 | | 17-04-13 to 28-04-13 | 27-03-13 to 07-04-13 | | |
| 13-03-13 to 24-03-13 | | 01-05-13 to 12-05-13 | 17-04-13 to 28-04-13 | | |
| 27-03-13 to 07-04-13 | | 27-05-13 to 07-06-13 | 01-05-13 to 12-05-13 | | |
| 10-04-13 to 21-04-13 | | 12-06-13 to 23-06-13 | 27-05-13 to 07-06-13 | | |
| 24-04-13 to 05-05-13 | | 03-07-13 to 14-07-13 | 12-06-13 to 23-06-13 | | |
| 22-05-13 to 02-06-13 | | | | | |

**ધમ્મ અંબિકા** — રજિસ્ટ્રેશન 0261-3260961 (૧૧થી ૫ દરમિયાન)

**:: સરનામું ::**
નવસારી અને બિલિમોરા રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી., નેશનલ હાઈવે નં. ૮, બોરિયાચ ટોલનાકાની પશ્ચિમે ૨ કિ.મી. દૂર ગામ : વગલવાડ, તા.: ગણદેવી

### : ધર્મજ :

(૦૨૬૯૭)
૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨
મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫
હેમંતભાઈ પટેલ
18-11-12 to 29-11-12

## એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| | | | |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

## દોહા ધરમના

બડે ભાગ્ય સે હી મિલેં, ભિષકરાજ ભગવંત ।
જો ઔષધિ સેવન કરે, કરે રોગ કા અંત ॥

બડે ભાગ્ય સે હી મિલે, શુદ્ધ ધરમ કા પંથ ।
ચલતે ચલતે પંથ પર, કરે દુઃખોં કા અંત ॥

બડે ભાગ્ય સે હી મિલે, સંતોં કા સમુદાય ।
મિલે પ્રેરણા તપ કરે, સહજ મુકત હો જાય ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧-૨-૩ ની મંગલકામના

## દોહા ધરમના

અંધી ગલિયોં મે ભટક, ભૂલ ગયા સન્માર્ગ ।
વિપશ્યના કી સાધના, સહજ મુકિત કા માર્ગ ॥

કરે શીલ પાલન સદા, હોય સમાધિ અડોલ ।
જાગે પ્રજ્ઞા તો પિએ, અમૃત કા રસ ઘોલ ॥

રોગ શોક સારે મિટેં, હોંય ગ્રન્થિયાં ક્ષીણ ।
શાપ તાપ સારે ધુલેં, પાએ મોક્ષ પ્રવીણ ॥

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, "મુક્તિરામ કોમ્પ્લેક્ષ", રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૧.

**વિપશ્યના 28 નવેમ્બર 2012** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2014)

**Weighs less than 10 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ રોડ,
રાજકોટ - 360 001.
સિટી ઓફિસ : ફોન - (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org